રીઝર્વેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા ધ્વારા કોઈ સંજોગોમાં ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ ન કરવો હોય તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે. જે તારીખ માટે રીઝર્વેશન મેળવ્યું હોય તેની સમય મર્યાદા અનુસાર નીચે મુજબની રકમ તેમજ લાગુ પડતા નિયમ મુજબના ટેક્ષ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.

**કાર્યક્રમ રદ કરવા બાબતે રીફંડનું પત્રક**

| અ.નં | કાર્યક્રમની તારીખથી | હોલભાડું તથા એરકન્ડીશન ચાર્જની ભરેલી રકમ/ફી માંથી કપાત રકમ |
|---|---|---|
| **(૧)** | **૪૫ દિવસ પહેલા અને ૬૦ દિવસની અંદર** | ૨૫% |
| (૨) | ૩૦ દિવસ પહેલાં અને ૪૫ દિવસની અંદર | ૫૦ % |
| (૩) | ૧૫ દિવસ પહેલાં અને ૩૦ દિવસની અંદર | ૭૦ % |
| (૪) | ૧૫ દિવસની અંદર | ૧૦૦% |

**સુરત મહાનગરપાલિકાની મુલતવી રહેલી અને તા.૩૦–૧–૨૦૧૪ ના રોજ**

**ફરી મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

* * * * * * *

**સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૧/૨૦૧૪ થી ભલામણ કર્યા મુજબ, સંજીવકુમાર ઓડીટોરીયમના રીઝર્વેશન/બુકીંગ અંગે સામાન્ય સભાના તા.૩૦–૫–૧૩ ના ઠરાવ નં.૫૯૬/૧૩ થી મંજુર થયેલ નીતિ નિયમો તથા ભાડાના દરમાં નીચે મુજબનો આંશિક સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં ક્રમ નં.૧ માં.**

**બુકીંગ અંગેનું ફોર્મ ડાઉનલોડ કરેલ હોય તો સંપૂર્ણ વિના મુલ્યે આપવાનું રહેશે.**

**(૨) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં ક્રમ નં.૮ માં.**

બુકીંગ કરેલ પ્રોગામ રદ કરે તો નિયમ મુજબ નકકી કરેલ તારીખ દરમ્યાનમાં હોલ ભાડુ અને એ.સી. ચાર્જમાં કપાત નકકી કરવામાં આવેલ છે. જે પૈકી ક્રમ નં.૧ માં ૪૫ દિવસ પહેલા અને ૬૦ દિવસની અંદર દર્શાવેલ છે જેના બદલે ૪૫ દિવસથી વધુ દિવસ રહેશે.

(૩) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં 'પરિશિષ્ટ–આઈ' માં ઉપયોગ માટેના ભાડા તેમજ ડિપોઝીટ દર અંગે ક્રમ નં.૬(અ) માં ફોયર સાથે ભાડે આપવા અંગેનો સાડા ત્રણ કલાકની રકમનો ઉલ્લેખ કરવાનો રહી જવા પામેલ હોય જેમાં રૂા.૩,૦૦૦/– લેવાના રહેશે.

(૪) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં 'પરિશિષ્ટ–આઈ' માં ક્રમ નં.૧૮(ક) (૧) માં કાર્યક્રમના પ્રસારણ માટે પ્રોજેકટર સ્ક્રીન સ્ટેજ સિવાય અન્ય જગ્યા ઉપર મુકવામાં આવે તો સ્ક્રીન દીઠ રૂા.૫૦૦/– ચાર્જ આપવાનો રહેશે તેમ જણાવેલ છે તેના બદલે રૂા.૧,૦૦૦/– નો ચાર્જ લેવાનો રહેશે.

ઠરાવ નં.૧૪/૨૦૧૪ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા,
તા. –૧–૨૦૧૪.